# જ્ઞાન સ્વભાવે - ધર્મ સારાંશ

## 卐 પ્રકૃતિ પ્રમાણ – જીવ પ્રમાણે – ફળ પરિણામે 卐

સંસાર ત્યાગેલાં અને આત્મકલ્યાણ માટે સાધુ બનેલાં સાધુ પોતાનું આત્મકલ્યાણ ભુલીને, તંત્રો-મંત્રોની સાધનાં એવાં સાધુ-સાધ્વીજી કે ધર્માચાર્યો કરે છે ''કે'' જેઓમાં સાધુનાં ગુણ-લક્ષણ અને સ્વભાવની અલ્પતાં કે ન્યુનતાં થયેલી હોય છે, અને માન-અહંકારને અભિમાનથી ભરેલાં હોય છે. અને તેઓ પોતાનું મહત્વ બતાવવાં અને સ્થાપવા માટે અધિકારથી વર્તવા માટે ''જ'' શ્રી ઈષ્ટદેવમાંથી શ્રધ્ધા ગુમાવીને – ધર્મભાવ ત્યાગીને – શ્રી શાસ્ત્રો જ્ઞાન અને ગુરૂગમ્યનું ભાન ભુલીને – સાધુ આચારને વિસરીને – તંત્રો-મંત્રોની સાધનાં-આરાધનાંઓ કરે છે. તેનાં ફળ પરિણામોની વિશેષ વિચારણાં જ્ઞાન સમજણે વિચારીએ.

૧. જે બાળજીવ તંત્રો-મંત્રોની સાધનાં-આરાધનાંઓ કરીને મંત્રો સિધ્ધ કરે છે; તેઓ જાણતાં-અજાણતાં દેવગતિનાં દેવ-દેવીઓને બંધન અવસ્થા આપે છે; કે જેનાં ફળ પરિણામે ભાવિ ભવોમાં બાળજીવને મહાબંધન અવસ્થા અનેક ભવોમાં પ્રાપ્ત થાય છે.

૨. જે બાળજીવ ધર્મનાં ગમે-તેવાં શુભ આશયે પણ તંત્રો-મંત્રોનો ઉપયોગ કરે ''છતાં'' તેનાં ફળ પરિણામે દેવગતિ પ્રાપ્ત કરે ''તો પણ'' દેવગતિમાં બંધન અવસ્થા પામે, જેવી રીતે પોતે વર્તમાનમાં દેવ-દેવીને બંધન આપ્યું એવી જ રીતે ભાવિનાં બાળજીવો તેમને બંધન અવસ્થા આપે છે. (જ્યારે પશુ – પક્ષી – કે પ્રાણી માત્રનાં બંધનનો સદા-સર્વદા નિષેધ છે ''ત્યાં'' દેવગતિનાં કે માનવગતિનાં જીવાત્માની બંધન અવસ્થા કેવી રીતે સ્વિકાર્ય ગણાય ? અને સ્વિકાર્ય બને ?)

૩. જે બાળજીવ તંત્રો-મંત્રોનાં પ્રયોગો અન્ય આત્માર્થી બાળજીવ ઉપર કરે – કરાવે અથવા સહયોગી બનીને આત્માર્થી બાળજીવની આત્મઝંખના – આત્મઝુરણાંને મુંઝવે – મુરઝાવે અથવા ગુંગળાવીને ગોપાવી દે તેવાં તાંત્રિકો-માંત્રિકો નિશ્ચય-નિયમથી-સિધ્ધાંત સારે સ્વયમ્‌ની જ્ઞાન પ્રકૃતિનો – ગુરૂતત્વનાં ગુણનો નાશ કરે છે – ક્ષય કરે છે – વિલય કરે છે.

૪. જે બાળજીવ તંત્રો-મંત્રોની સિધ્ધીએ અન્ય આત્માર્થી બાળજીવને તંત્રો-મંત્રોનો ભય બતાવે કે સતત ભયમાં રાખે એવા તાંત્રિકો જીવનમાં સતત ભયભીત બનીને ભયનાં ઓથારે જીવન ગુમાવે છે. અને ભાવિમાં ભય પ્રેરિત ભવો પામે છે.

૫. જે બાળજીવ અન્ય આત્માર્થી બાળજીવો ઉપર તંત્રો-મંત્રોનાં પ્રયોગો કરે છે કે કરાવે છે ''ત્યારે'' આત્માર્થી બાળજીવ જે વૈચારિક દુ:ખો અને દૈહિક પિડાઓ ભોગવે છે. (પૂર્વનું બાંધેલું પ્રકૃતિ ફળ ભોગવે છે) અને ધર્મલાભ અને આત્મભાવને ભુલીને ભાન વગરનું જીવન અને માનવભવ વિતાવે છે. ''તેવી જ રીતે''

તંત્રો-મંત્રોનાં પ્રયોગ કરનાર – કરાવનાર વર્તમાન ભવમાં જ માનહાનિનું મહાદુ:ખ ભોગવે છે – અર્થની અતિ-અતિ પ્રતિકુળતાંઓ આવે છે – વૈચારિક રીતે સતત ભયભીત રહે છે. – દેહમાં સતત દાહ ઉપજે છે. – દેહમાં અનેક પ્રકારની માંદગીઓ આવે છે. ''જીવન – જીવવાં જેવું લાગે નહીં – મરણ માગવાંથી મળે નહીં'' એવું ભાન વગરનું – ધ્યેય રહિતનું નિરર્થક જીવન બને છે ''અને'' અન્ય બાળજીવને એકલતાં આપનાર – સ્વયમ્ જીવનમાં એકલતાંનો અનુભવ – અનુભવે છે, અન્યને મોક્ષ અને મોક્ષ ધર્મથી વિમુખ કરનાર – સ્વયમ્ મોક્ષવિહિન બનીને – પશુસમાન જીવન વ્યતિત કરે છે, અન્યને અસ્થિરતાં આપનાર – સ્વયમ્ જીવનમાં અસ્થિર થઈને અસ્થિરતાં ભોગવે છે, આદિ અનેક પ્રકારનાં – અનેક પ્રકારથી વર્તમાન ભવમાં ''જ'' અનંત દુ:ખો ભોગવે છે. અને ભાવિનાં અનેક ભવોમાં બંધન અવસ્થાઓ પામે છે. અને સાથે-સાથે ચિત્તભ્રમની પ્રકૃતિ ઉદયે – ચિત્તભ્રમનો ભોગ બને છે. **''કર્મ એક જ વખત કર્મફળ આપે ''પણ'' પ્રકૃતિ દોષ ઘણાં-ઘણાં ભવો સુધી ફળપરિણામો આપે''** ''માટે''

કોઈપણ બાળજીવોએ તંત્રો-મંત્રોની સાધનાં-આરાધનાં કરવી નહીં – કરાવવી નહીં અને કરાવવામાં સહયોગી બનવું નહીં – તંત્રો-મંત્રોથી દુર રહેવું – તાંત્રિકોથી દુર રહેવું અને વર્તમાનભવને સાર્થક કરવાં માટે તેમજ તાંત્રિકોનાં તંત્રો-મંત્રોથી બચવાનો એક માત્ર સર્વશ્રેષ્ઠ ઉપાય –

**''શ્રી ઈષ્ટદેવની જ્ઞાન આજ્ઞાએ– અને શ્રી શાસ્ત્ર સિધ્ધાંતે'' – જીવનમાં એક સુ-ગુરૂનું કે સદ્‌ગુરૂનું શરણું – અને આશ્રયે બાળજીવનું જીવન શ્રેય રહેલું છે. અને એજ આત્મીક ધ્યેય બને છે.** (વિશેષ વિચારણાં ભાવિ લેખાંકોમાં યોગે કરીને વિચારશું).

# તંત્રો-મંત્રોનાં ઉપયોગથી “આત્મહત્યાએ”–“આત્મહત્યા”

બાળજીવોને કેટ-કેટલાં ભવ-ભવાંતરોની ભક્તિ-સાધનાં-આરાધનાંનાં યોગે અને કેટ-કેટલાં કરેલાં વ્રતો-તપો-જપો-ધ્યાન-દાન-ત્યાગ-પુન્ય આદિનાં સંયોગે - અને જાણતાં-અજાણતાં કરેલી કષાયોની મંદતા - માનવીની - માનવીયતાંની મળેલી સમજણ - અને સહનશીલતાં-સહિષ્ણુતાંની ભાવનાઓ થકી બનાવેલી ભવિત ભવ્યતાંનાં - ભાગ્યયોગે મળે છે : બાળજીવોને “જગતનાં સર્વશ્રેષ્ઠ મોક્ષમાર્ગી ધર્મ સંપ્રદાય-સમાજમાં માનવ જન્મ” અને એ માનવ જન્મમાં “પણ” અતિ ભવ્યતાંનાં ભાગ્યયોગે - પ્રકૃતિનાં પ્રભાવિત સંયોગે - કર્મવૃતિનાં પ્રતાપે - ભાવ જાગે છે, સાધુ થવાનાં. “અને”

**સંત સમાગમે – સત્‌ને સાધે,**
**સાધે સતત એ સંત સહવાસ,**
**ધરે સતત એ સંતનું ધ્યાન,**
**રાખે સદ્‌ગુરૂ – સાધક ધ્યાન.**

એ સાધુપણાંમાં પ્રતિકુળતાંઓ - પ્રતિબંધો - પ્રારબ્ધવાદે - ઉપસર્ગો - અવરોધો - આદિ સહન કરવાની વૃતિએ - પ્રકૃતિએ બાળજીવ સમજણ મેળવીને - સમજણ કેળવીને - ગ્રહણ કરીને સાધુપણું ધારણ કરે છે. અને

“જ્યાં”

હજારો-લાખો બાળજીવો સંસારમાં - સંસારીક બનીને - આત્મભાવ - ધર્મભાવ - મોક્ષભાવ ભુલીને - સંસારીવૃતિ - પ્રવૃતિ અને પ્રકૃતિથી સંસારમયી બનીને માનવભવ - માનવજીવન - સર્વશ્રેષ્ઠ ધર્મ, કુળ, જન્મને નિષ્ફળ - નિરર્થક કરે છે. “ત્યારે”

**પુન્ય પ્રકૃતિની ક્ષિણતાંએ,**
**થયો જ્ઞાન પ્રયોગ,**
**પુન્ય પકૃતિની કરી ક્ષયતાં,**
**થાય ભવ અવતારી એક.**

જે બાળજીવોને સાધુ થવાનાં ભાવ જાગે - ચારિત્ર ગ્રહણ કરવાની વૃતિ - ભાવનાં જાગે - સંસારમાં નાશવંતપણું વર્તે - અને સંસાર ત્યાગીને - સાધુપણું ગ્રહણ કરે “ત્યારે” એ બાળજીવનો અતિ મુશ્કેલ અને અતિ દુર્લભ એવો આધ્યાત્મિકમાં અતિ બળવાન પુરુષાર્થ બને છે.

“જગતમાં સર્વશ્રેષ્ઠ બાળજીવ માટે કોઈ ભાગ્ય યોગ હોય તો તે છે સાધુ થવાનો યોગ” “અને”

સાધુપણાંમાં પણ અતિ-અતિ દુશ્કરતાંએ અને અતિ દુર્લભતાંએ પ્રાપ્ત થતી હોય તો તે છે : સર્વશ્રેષ્ઠ સાધુ સંસ્થાનો યોગ. “કે જ્યાં”

**સાધુ આપે શાસ્ત્રોનો સાર,**
**ટ્રસ્ટીઓ આપે શાસ્ત્રોમાં સાથ,**
**બાળજીવો પામે મુક્તિનું જ્ઞાન,**
**પામે જીવએ મુક્તિનું સ્થાન.**

૧. બુધ્ધીની નિર્મળતાં સહજતાંએ પ્રાપ્ત થાય છે.
૨. વિચારોની વિશાળતાં અલ્પ પ્રયાસ થકી પ્રાપ્ત થાય છે.
૩. મનની-મલિનતાંનું જીવનમાં ક્યાંય સ્થાન નથી.
૪. દ્રષ્ટિની નિર્મળતાં - સ્થિરતાંની અનુકુળતાં છે.
૫. અસલામતીનાં ભાવ જીવનમાં જગાડવાની જરૂર નથી.
૬. આત્મભાવમાં રહેવાં માટેની પૂર્ણ ઉપયોગી અવસ્થા છે.
૭. શ્રી ઈષ્ટદેવની નિષ્કામ ભક્તિ કરવાની પૂર્ણ કારણ સમજણ છે.
૮. ઉપાધી કરવાની એકપણ પ્રકારની કારણ અવસ્થા નથી.
૯. પૂર્ણ સંતોષી જીવન જીવવાની અનુકૂળ વ્યવસ્થા છે.
૧૦. અતિ-અતિ બળવાન પુન્ય બાંધવાનું સરળ અને સહજ “જ્ઞાનદાનનું કારણ અને સાધન છે”.
૧૧. અહિંસક બનવું અને અહિંસક બનાવવાં - નિર્ભય બનવું અને નિર્ભયતાં આપવી - ક્ષમા લેવી અને ક્ષમા આપવી - ઉપકાર ગણવો અને ઉપકાર ઉતારવો - મુક્તદશા અનુભવવી અને મુક્તિની દિશાનો માર્ગ દર્શાવવો - એવી ધર્મભાવ અને ધર્મલાભની ભાવનાંની ભવ્યતાં બનાવવાની સરળતાંએ અને સહજતાંએ પ્રાપ્ત થયેલું સ્થાન છે.
૧૨. મુક્તિનું - મુક્તિનાં માર્ગનું - અને મુક્તિની આરાધનાંનું એકમાત્ર - અતિ-અતિ બળવાન - અત્યંત્ય અનિવાર્ય - અને અતિ આવશ્યક એવું “જીવનમાં એક ગુરૂનું શરણ”. કે

જેની મન-વચન-અને કર્મથી અતિ ઉલ્લાસિતભાવે - આનંદીત સ્વભાવે - સદા તત્પર પ્રસન્ન ચિત્તે - ત્રિગુણાં ભક્તિ પ્રસાદનાં અતિ પુન્યનાં ઉદયે - ભાગ્યનાં સ્વભાવે - મુક્તિનાં પ્રભાવે - અણમોલ-અનુપમ-અનુકુળતાંથી સર્વશ્રેષ્ઠ યોગ-સંયોગનો સમન્વય પ્રાપ્ત થાય છે.

“કે જેનાં ફળ પરિણામે”

બાળજીવે મોક્ષ માગવો પડતો નથી - મોક્ષ કે મોક્ષનો માર્ગ શોધવાં જવો પડતો નથી “પણ” બાળજીવ મોક્ષનાં દ્વારે - ગુરૂનાં દ્વારા - શ્રી ઈષ્ટદેવનાં દ્વારથી પહોંચી જાય છે. - પામી જાય છે.

**પાંચ પદોની પાવનતાંની,**
**સાધુ-સંસ્થામાં એની મહાનતાં,**
**સાધુ-સંસ્થાનો છે એ સાર,**
**ગ્રહે જીવનમાં ધર્મનો ભાર.**

“એજ” મોક્ષની સર્વશ્રેષ્ઠ વ્યવસ્થા અને મોક્ષ પ્રાપ્તીની સરળ - સુલભ - અને સુંદર અવસ્થા છે. “જ્યાં”

**દ્રષ્ટિનાં સવળાંપણાંએ મોક્ષ છે - મોક્ષની સન્મુખ છે.**

“પણ”

**દ્રષ્ટિનાં અવળાંપણાંએ પતન છે. અતિ બળવાન પતિતપણું છે.**

કે જે પતિતપણું ટાળીને સર્વશ્રેષ્ઠ યોગ પ્રાપ્ત કરવામાં ઘણો-ઘણો કાળ અને અનેક ભવ-ભ્રમણની યાત્રા કરવી પડે છે. “આવાં”

**શાસ્ત્રોનાં જાણકાર થાય ઉદાર,**
**બાળજીવોનો કરે ઉધ્ધાર,**
**ભ્રમણબોધીને કરે ઉધાર,**
**સંપ્રદાયમાં થાય ઉત્થાન.**

સર્વશ્રેષ્ઠ યોગમાં આવેલાં સાધુ-સંસ્થાનાં જે કોઈ સાધુ-સાધ્વીજીઓ કે ધર્માચાર્યો પોતાનું આત્મજીવન ભુલીને - તંત્રો-મંત્રોની સાધનાંમાં જીવન વિતાવે છે તેઓ નિશ્ચયભાવનાં - નિશ્ચય-નિયમથી દુર્ગતિને પામે છે અને અનેક બાળજીવોને જીવંત દુર્ગતિનો અનુભવ કરાવે છે.

“અને” જેઓ અર્થ પ્રાપ્તીની આરાધનાંમાં જ જીવન વિતાવે છે તેઓ સિધ્ધાંત-સારથી માનવભવને અને સાધુપણાંને નિષ્ફળ બનાવે છે અને અનેક બાળજીવોનાં માનવ ભવોને અફળ-નિષ્ફળ બનાવે છે.

**બાળ કહે દેહે આત્મા,**
**જ્ઞાની કહે આત્માએ દેહ,**
**દેહ છે, ત્યાં આત્મા છે જ,**
**આત્મા છે ''પણ'' દેહ નથી.**

**‘જ્ઞાન-સ્વભાવ’**નાં પૂર્વનાં લેખાંકોમાં તંત્રો-મંત્રોનાં “મંત્રીઓની” અને અર્થ-આરાધકો એવાં “અર્થીઓની” ઘણી-ઘણી વિચારણાં કરી હોવાથી વિશેષ-વિચારણાં કરી નથી “પણ” ભાવિ લેખાંકોમાં વિશેષ વિચારણાં યોગે કરીને વિચારશું.

**આત્મધર્મની રાખે શાન,**
**લાવે નહીં એમાં કોઈની આણ,**
**વર્તે ધર્મમાં પ્રભુની આણે,**
**જીવનમાં કોઈ આવે નહીં આડે.**

**આડા આવે એને પાછા પાડે,**
**એવી પ્રભુની કૃપાવંતતાં,**
**કૃપાવંતનો પકડે હાથ,**
**મળે કૃપાવતંનો એને સાથ.**

Website : www.jainojago.com

# જ્ઞાન સ્વભાવે - ધર્મ સારાંશ

રમેશ વૈજાણી

મોક્ષમાર્ગી ધર્મ સંપ્રદાય સમાજની સાધુ-સંસ્થાનાં જે ધર્માચાર્યો કે સાધુ-સાધ્વીજીઓ પોતાની ધર્મ સાધનાંઓ ત્યાગીને તંત્રો-મંત્રો કે વશીકરણની સાધનાં-આરાધનાંઓ કરે છે - કરાવે કે કરવામાં સહયોગી બને છે. "તેઓ" જાણતાં-અજાણતાં સાધુપણાંથી - ધર્માચાર્યનાં કાર્ય જીવનથી - ધર્મમાર્ગેથી - શ્રી ઈષ્ટદેવથી - અને શ્રી ઈષ્ટદેવનાં કાર્યથી દુર થાય છે. અને સ્વયૃમનું પતન કરીને - પતિત થાય છે. અને અન્ય બાળજીવોનું પતન કરે છે - કરાવે છે. "કારણ"

પોતાનાં તાબામાં રહે એવાં હેતુથી ધર્મસ્થાનકો અને આવાસો બાંધવા-બનાવવાં અને એ માટે અર્થની-અર્થ પ્રાપ્તીની અતિ જરૂરિયાતવાળાં બને છે. "અને" સાથે-સાથે શિષ્યો બનાવવાની આતુરતાં અધિરાઈ અને વિરોધ કરનારને રોકવાં-ધમકાવવાં માટે અને અધિકાર સ્થાપવાં માટે જ તંત્રો-મંત્રોનો ઉપયોગ થાય છે. "અને"

**પ્રભુનાં નામે અધર્મ આપીને,**
**કર્યા બાળને ભ્રમણ અવતારી,**
**પાપ-પુન્યનું આપ્યું આશ્વાસને,**
**કર્યા જીવને ભ્રમણ સંતોષી.**

જે ધર્માચાર્ય કે સાધુ-સાધ્વીજીઓ ગમે તેવાં શુભ હેતુંનો આશય બતાવીને તંત્રો-મંત્રોની સાધનાંઓ સિધ્ધ કરતાં હોય "તો પણ" તેઓ મારણ વિદ્યાઓ જ સિધ્ધ કરતાં હોય છે અને તંત્રો-મંત્રોથી દેવ-દેવીઓને બાંધવાની જ ક્રિયાઓ કરતાં હોય છે, કે જે તેઓનાં આસુરીપણાંનું પ્રમાણ છે અને પિશાચિપણાંનું દર્શન કરાવે છે અને તેઓ નર પિશાચી વૃતિવાળા બને છે, હોય છે અને થાય છે.

## તંત્રો-મંત્રોનાં ઉપયોગથી "આત્મહત્યાએ"-"આત્મહત્યા"

"અને તેનાં ફળ પરિણામે" તેઓ વિવેકજ્ઞાન - વિવેકભાન - અને વિવેક ધ્યાન રહીત બનીને - અતિશય ક્રોધી - અહંકારી - અભિમાની બનીને અસહિષ્ણુંતાથી રહે છે - વર્તે છે - અને વ્યવહાર કરે છે. અને અન્ય સર્વ બાળજીવોને ભય બતાવીને - ભયભીત કરીને - ભયનું સામ્રાજ્ય વર્તાવીને પોતાની મનસુફી પ્રમાણેની મનમાની કરે છે - કરાવે છે. (તેમનાંમાંથી ધર્મતત્વ અને ગુરૂતત્વનો લોપ થાય છે.) "તેઓ જ્યારે"

કોઈપણ બાળજીવ કે બાળજીવો ઉપર મંત્રો-તંત્રોનાં પ્રયોગો કરે છે ત્યારે તે બાળજીવની ધર્મ પ્રકૃતિ અને ગુરૂપ્રકૃતિ ઉપર અતિશય આવરણ આવે છે અને પ્રકૃતિ લોપાય છે. અને તેનાં પરિણામે અધર્મ પ્રકૃતિ બળવાન બને છે. (અધર્મ પ્રકૃતિનું બળ વર્તાય છે અને ભય પ્રકૃતિ બળવાન બને છે. "તે બાળજીવ પૂર્વનું ફળ ભોગવે છે". અને તંત્રો-મંત્રો કરનાર સ્વયૃમ પોતાનું નવું કર્મ પ્રકૃતિ ફળ બાંધે છે કે જે ફળ વર્તમાન ભવ સહિત ભાવિ ભવોમાં ભોગવવાં પડે છે. "જેવી દશા કરી એનાંથી અધિક દશા પામે છે.") "અને"

**અર્થ-અનર્થની સાધનાંએ,**
**અવિનાશીને અવગણ્યોં,**
**ગણ્યાં-ગણીત એ અર્થનાં,**
**અનર્થનાં કર્યા સૌ એ ઉપાય.**

તંત્રો-મંત્રોનો ઉપયોગ કરનાર સાધુ-સાધ્વીજી કે ધર્માચાર્ય જે બાળજીવો ઉપર પ્રયોગ કરે છે ત્યારે તે બાળજીવનાં મનમાંથી આત્મભાવ - વિચારોમાંથી ધર્મભાવ - ચિત્તમાંથી ગુરૂતત્વભાવનો લોપ થાય છે. અને તેનાં ફળ પરિણામે બાળજીવમાંથી માનવતાંનો અને કરૂણાંનો અભાવ-વિયોગ થાય છે. "અને એજ"

તંત્રો-મંત્રોનાં પ્રયોગો કરનારને પંચેન્દ્રિયનાં ઘાત કરતાં "પણ" અતિ વિશેષ એવો આત્મઘાતનો મહાદોષ લાગે છે અને મહાબંધ પડે છે. "અને"

**પુન્યલક્ષીએ ભર્યા પુન્યગાડા,**
**થયાં ભ્રમણમાં એ જીવ ગાંડા,**
**કાઢ્યાં પુન્યલક્ષી પાછળ ગાંડા,**
**ભર્યા જીવનમાં દુ:ખોનાં ગાડા.**

તંત્રો-મંત્રોનો સાધક-ધારક તંત્રો-મંત્રોનાં અભિમાનથી પ્રેરાયને તંત્રો-મંત્રોનાં અહંકારી બનીને, તંત્રો-મંત્રોનો અધિકાર બતાવવાં - સ્થાપવામાં ભાન ભુલીને એવાં-એવાં જીવાત્માઓ-મહાત્માઓ કે બાળજીવો ઉપર પ્રયોગો કરે છે કે જેનાં ફળો પ્રયોગ કરનારે અતિ-અતિ દુષમતાંથી ભોગવવાં પડે છે. તંત્રો-મંત્રોનાં પ્રયોગ કરનારને એ ખબર નથી કે તે જે બાળજીવો ઉપર પ્રયોગો કરે છે એ કેવી ભવિત-ભવ્યતાં-ધારણ કરેલાં જીવાત્માઓ છે. જીવાત્માઓ તો આત્મીક વિકાસ ક્રમે કેવી-કેવી મહાન ભવ્યતાં ધારણ કરેલાં હોય છે "જેવી કે"

**પુન્ય પ્રકૃતિનો નાચે મોર,**
**ભવ-ભ્રમણનો રોકે-ન-રોલ,**
**પુન્યથી ફોટા પાડે ચાર,**
**ફરે ચારથી ચૌરાશીમાં.**

કોઈ જીવાત્મા અલ્પભવોમાં મોક્ષગમન કરવાવાળા હોય,
કોઈ જીવાત્મા મર્યાદિત ભવોમાં મોક્ષગમન કરવાવાળા હોય,
કોઈ જીવાત્મા માર્ગમાં આવવાની યોગ્યતાં પ્રાપ્તીવાળા હોય,
કોઈ જીવાત્મા માર્ગમાં આવેલાં માર્ગાનુસારી-ધારીવાળા હોય,
કોઈ જીવાત્મા યોગ્યતાં પ્રાપ્ત સમ્યગ દર્શન પામવાવાળા હોય,
કોઈ જીવાત્મા ધર્મની મહાનતાં અને ધર્મકાર્ય કરનાર હોય,
કોઈ જીવાત્મા ધર્મ ટ્રસ્ટીની યોગ્યતાં ધરાવવાંવાળા હોય,
કોઈ જીવાત્મા જ્ઞાન ધારણ કરીને જ્ઞાની બનવાંવાળા હોય,
કોઈ જીવાત્મા વાસુદેવની ભવ્યતાં ધારણ કરવાંવાળા હોય,
કોઈ જીવાત્મા પરમાત્માની દિવ્યતાંની ભવ્યતાં ધારણ કરવાંવાળા હોય,
કોઈ જીવાત્મા ભાવિમાં ગણધર પરમાત્મા બનવાંવાળા હોય,
કોઈ જીવાત્મા આત્મસાક્ષાત્કારીની અવસ્થાએ આવેલાં હોય,
કોઈ જીવાત્મા જ્ઞાન અનુભવી - જ્ઞાન સ્વભાવી હોય,

"અને"

કોઈ જીવાત્મા એક ભવે મોક્ષગમન કરવાંવાળા એક અવતારી હોય,

આવી અનેક પ્રકારની - અનેક પ્રકારથી બનેલી - બનાવેલી મહાન ભવ્યતાં ધારકો ઉપર "જો" કોઈપણ તંત્રો-મંત્રોનાં સાધક, જેવાં કે સાધુ-સાધ્વીજી, ધર્માચાર્ય કે સંસારી, જ્યારે કોઈપણ બાળજીવો ઉપર તંત્રો-મંત્રોનાં પ્રયોગો કરે - તંત્રો-મંત્રોનાં પ્રયોગો કરાવે - અથવાં તંત્રો-મંત્રોનાં પ્રયોગો કરવામાં - કરાવવામાં સહયોગી - સહાયક કે આગ્રહી બને તે સર્વ બાળજીવોએ જેવાં પ્રકારની ભવ્યતાં - ધારણ કરેલાં જીવાત્માઓ - મહાત્માઓ ઉપર પ્રયોગ કર્યા હોય "ત્યારે"

પ્રયોગ કરનાર - કરાવનાર બાળજીવ - મહાન ભવ્યતાં ધારણ કરેલ જીવાત્માઓ ઉપર તંત્રો-મંત્રોનાં પ્રહાર કરે છે "ત્યારે" તંત્રો-મંત્રોનો પ્રતિ પ્રહાર તાંત્રિક કે સહાયક ઉપર જ થાય છે અને તેનાં ફળ પરિણામે તાંત્રિકો-માંત્રિકો-સહાયકો ઘણાં-ઘણાં ભવ-ભવાંતરો સુધી મહાન ભવ્યતાંથી દુર થાય છે અને ઘણાં-ઘણાં કાળ સુધી મહાન ભવ્યતાં પામવાનાં યોગેને ટાળી દે છે.

"જેવી રીતે"

"સામાન્ય માનવી - સામાન્ય માનવી સાથેનો કર્મ બંધ સામાન્ય - સમાન કર્મફળને પામે છે. "પણ" સામાન્ય માનવી - મહા માનવી સાથેનાં કર્મબંધનું ફળ - અસામાન્ય ફળ પરિણામને પામે છે".

બાળજીવ એક કર્મનું ફળ એક જ વખત ભોગવે છે. "પણ" ફળ ભોગવતાં-ભોગવતાં અનેક પ્રકૃતિ દોષો પ્રગટાવે છે. "અને" પ્રકૃતિ દોષનાં કારણે - બાળજીવ અનંતા નવા કર્મો અકારણ બાંધે છે." "અને" સ-કારણે અનંતા કર્મોનાં ફળો વેદે છે - ભોગવે છે". "માટે" "બાળજીવ અનંતા-ભવ-ભ્રમણમાં ફરે છે અને એ ભ્રમણમાં અનંતા-અનંત અસહ્ય દુ:ખો ભોગવે છે."

**પ્રકૃતિ ઉપર જ્યારે તંત્રો-મંત્રોથી પ્રકોપ કરવામાં આવે છે.**
**"ત્યારે"**
**પ્રકૃતિ પ્રજ્જવલીત બને છે, અને પ્રકાશીત થાય છે.**
**"જેનાં કારણે"**
**પ્રકોપ કરનાર બાળજીવની પ્રકૃતિ અતિ પ્રજ્જલીત બને છે, અને પ્રકાશીત થઈને પામરતાં પ્રભાવિત બને છે.**
**"એજ"**
**પ્રકૃતિ ન્યાય છે - પ્રકૃતિ સિધ્ધાંત છે - પ્રકૃતિ પ્રણિત છે "અને એજ" પ્રકૃતિની સજા છે - "બાળજીવ ભોગવે છે".**

### "જગતમાં મોટામાં મોટું મહાપાપ"

૧) કોઈપણ બાળજીવો ઉપર તંત્રો-મંત્રોનાં પ્રયોગ કરવાં - પ્રયોગ કરાવવાં - એ મહા આત્મઘાતનું મહાપાપ છે.

૨) કોઈપણ બાળજીવને તંત્રો-મંત્રોનાં પ્રયોગો થકી ચિત્તભ્રમ કરવાં અને તે બાળજીવનાં માનવભવને નિરર્થક કરવો એ માનવહત્યા સમાન મહાપાપ બને છે.

૩) કોઈપણ બાળજીવને તંત્રો-મંત્રો થકી ચિત્તભ્રમ કરીને - તે બાળજીવની ધર્મપ્રકૃતિ અને જ્ઞાનપ્રકૃતિને ગોપાવવી એટલે ચૈતન્ય જ્ઞાન ઘાત - જ્ઞાનનાશનો મહાજ્ઞાનદોષનાં ફળ પરિણામી બનીને મહાદુ:ખોને પામે છે.

૪) કોઈપણ બાળજીવને તંત્રો-મંત્રો થકી ચિત્તભ્રમ કરવાં એટલે એ બાળજીવને સતત આર્તધ્યાની અને રૌદ્રધ્યાની બનાવવાં અને એનાં ફળ પરિણામે એવો સ્વભાવ ફળ પામવું.

૫) કોઈપણ બાળજીવને તંત્રો-મંત્રો થકી દૈહિક પિડાઓ આપવી એટલે એનાં ફળ પરિણામે ઘણાં-ઘણાં ભવ-ભવાંતરો સુધી દૈહિક પિડાઓ પામવી.

૬) કોઈપણ બાળજીવને તંત્રો-મંત્રોનો ભય બતાવવો - તંત્રો-મંત્રોનાં પ્રયોગો કરવાં-કરાવવાં કે સહયોગી બનવું તે સર્વ તંત્રો-મંત્રોનાં આધારીત બાળજીવો માનવદેહમાં રહેલાં માયાવી માનવીઓ છે. સંસારી અવસ્થામાં રહેલાં રાક્ષસી વૃતિઓવાળા છે. સાધુવેશમાં રહેલાં શેતાની પ્રકૃતિઓવાળા છે.

"અને"

ધર્મમાં - ધર્મને નામે રહેલાં પાપાચાર કરવાંવાળા પિશાચિ પ્રવૃતિ કરવાંવાળા પાષણ છે. "આવા" તંત્રો-મંત્રોનાં સાધકો - આરાધકો - ધારકો - આગ્રહીઓ ધર્મનાં નામે - ધર્મમાં રહેલાં "બહુરૂપિયા છે" - ચહેરો છુપાવનાર - છુપા રૂસ્તમ છે - મોઢું સંતાડનાર બુકાનીધારીઓ છે - અસલી ચહેરો છુપાવનાર નકાબપોશીઓ છે.

### "અર્થ થકી જ્ઞાનદોષ-આત્માએ જ્ઞાનયોગ"

શ્રી ધર્માચાર્યો કે શ્રી ધર્માચાર્ય શ્રી શાસ્ત્રોનાં જાણકાર હોય અને આત્મધર્મને માનનારા - શ્રધ્ધનારાં હોય અને "એક માત્ર" આત્મધર્મની - મોક્ષધર્મની સાધનાં-આરાધનાં કરનારા-કરાવનારા હોય તેવાં શ્રી ધર્માચાર્યો સંપ્રદાય સમાજ અને બાળજીવો ઉપર પરમ ઉપકાર કરે છે અને તેથી સંપ્રદાય-સમાજનાં બાળજીવો-ટ્રસ્ટીઓએ તેમને તન-મન-ધનથી પૂર્ણ સહયોગ આપીને સહયોગી બનવું "એમાંજ" શ્રી ઈષ્ટદેવમાં શ્રધ્ધા - શ્રી શાસ્ત્રોની જ્ઞાનભક્તિ "અને" શ્રી ઈષ્ટદેવને પરમ ઉપકારી ગણીને કરેલી નિષ્કામ ભક્તિ બને છે. અને માર્ગમાં ચાલવાની શક્તિ મળે છે. "અને" સાથે-સાથે અતિ-અતિ બળવાન પુન્યનું સહજતાંથી ઉપાર્જન થાય છે, કે જેનાં "પુન્યબળે અને પુન્યફળે" બાળજીવ સરળ અને સહજતાંએ સુખ સ્વરૂપે - મોક્ષનાં અધિકારી બનીને - અલ્પ ભવોમાં મોક્ષગમન કરે છે. "પણ જો"

જે ધર્માચાર્ય ધર્મનાં નામે સતત અર્થનાં ફંડ-ફાળા કરતાં હોય, ફંડમાંથી અર્થની ફાળવણી માંગતા હોય અને અનેક પ્રકારથી અર્થની માંગણીઓ કરતાં હોય "તેવાં" ધર્માચાર્યોથી દુર રહેવું અને તેવાં ધર્માચાર્યોને દુર રાખવામાં "જ" સંપ્રદાયનું કલ્યાણ છે - બાળજીવોનું આત્મકલ્યાણ છે. અને જાગૃત - આત્માર્થી ટ્રસ્ટીઓનું જીવન કર્તવ્ય છે. "અને"

બાળજીવોને જ્ઞાનદોષથી બચવાનું કારણ બને છે.

"અને"

તંત્રો-મંત્રોનું મોક્ષમાર્ગમાં ક્યાંય સ્થાન કે સ્થાપન નથી અને અતિશય બળવાન પુન્ય બાંધવા માટે "અર્થની" ક્યાંય આવશ્યકતાં કે અનિવાર્યતાં નથી.

"બાળજીવો"

શ્રી શાસ્ત્રો જ્ઞાન (આત્મજ્ઞાન)નાં આદરથી - અહોભાવથી ભાવ વંદનાં થકી અતિ-અતિ બળવાન પુન્યનું ઉપાર્જન કરી શકે છે. અને આરાધન કરીને મોક્ષ પ્રાપ્ત કરી શકે છે. આરાધનનું "ફળ જ" મોક્ષ છે. મોક્ષ પ્રાપ્ત કરવો પડતો નથી. (મહાસંઘની આજ્ઞાએ કે ધર્માધિપતિનાં ફરમાને અર્થ આપવું એ બાળજીવનાં પરમ ભાગ્યનો ઉદય અને અર્થની અર્પણતાંએ બાળજીવ સૌભાગ્યવંતો બને છે.)

આનંદ - આનંદ - આનંદ
પ્રભુ - પ્રભુ - પ્રભુ